**વિભાગીય સંશોધન કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ દ્વારા ભારતીય કૃષિ અનુસંધાન પરિષદ, નવી દિલ્હી પુરસ્કૃત યોજના "એ. આઇ. સી. આર. પી. ઓન ગ્રાઉન્ડનટ" અંતર્ગત તા. ૧૩ માર્ચ, ૨૦૨૪ ના રોજ ' મગફળી' પાક પર તાલીમ કાર્યક્રમનું આયોજન**

ભારતીય કૃષિ અનુસંધાન પરિષદ, નવી દિલ્હી પુરસ્કૃત યોજના **"એ. આઇ. સી. આર. પી. ઓન ગ્રાઉન્ડનટ"** અંતર્ગત વિભાગીય સંશોધન કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ દ્વારા **તા. ૧૩ માર્ચ, ૨૦૨૪** ના રોજ '**મગફળી**' પાક પર તાલીમ કાર્યક્રમનું કૃષિ સંશોધન કેન્દ્ર, આકૃયુ, કંસારી, તા-ખંભાત ખાતે આયોજન કરવામાં આવેલ.

આ તાલીમ કાર્યક્રમમાં ખંભાત, પેટલાદ અને તારાપુર વિસ્તારના ગ્રામસેવકો અને પ્રગતિશીલ ખેડૂતો મળી કુલ '**૪૬' લાભાર્થીઓએ** ભાગ લીધેલ. આ ઉપરાંત મદદનીશ ખેતી નિયામક (વી.), તા. ખંભાત પણ હાજર રહેલ હતા.

આ તાલીમમાં આણંદ કૃષિ યુનિવર્સિટીના **મગફળી** પાકના વૈજ્ઞાનિકશ્રી કુ. હિતિક્ષાબેન પરમારે ઉનાળુ મગફળીની જુદી જુદી જાતો વિશે સમજણ આપી હતી. નોડલ અધિકારીશ્રી (સીડ), ડો. એ. એસ. ભાણવડીયાએ મગફળીની જાત જી.જી ૩૪ ની ખેતીપધ્ધતી તેમજ આ જાતના ફાયદા વિશે વિસ્તૃત માહિતી આપી હતી.

પ્રો, વૈભવભાઈ ચૌધરીએ આ મગફળીના પાકમાં સંકલિત જીવાત વ્યવસ્થાપન અને ડો. જ્યોતિબેન દુલેરાએ સંકલિત રોગ વ્યવસ્થાપન વિષય પર પ્રેઝન્ટેશન આપી ખેડૂતોના વિષય સંબંધિત પ્રશ્નોનું નિરાકરણ કરેલ.

સદર તાલીમ કાર્યક્રમ ના અંતે પ્રો. શ્રી વિજયભાઈ પટેલે કૃષિ સંશોધન કેન્દ્ર, આકૃયુ, કંસારી ફાર્મ મુલાકાત કરાવી હતી. આ તાલીમ કાર્યક્રમનું સંકલન અને આયોજન માનનીય કુલપતિશ્રી ડો. કે. બી. કથીરીયાનાં માર્ગદર્શન હેઠળ ડો. એ. એસ. ભાણવડીયા, નોડલ અધિકારી(સીડ), વિભાગીય સંશોધન કેન્દ્ર, આકૃયુ, આણંદ દ્વારા કરવામાં આવેલ.

*********




REGIONAL RESEARCH STATION
ANAND AGRICULTURAL UNIVERSITY
ANAND-388001(GUJARAT)
AICRP PROJECT ON
GROUNDNUT TRAINING
B. II. 2008-21
Year : 2024
Season : Summer
Crop : Groundnut
Variety : GG-34
Venue : Agricultural Research Station, Anand Agricultural University Kansari-388630, Khambhat
Date : 13/03/2024


REGIONAL RESEARCH STATION
ANAND AGRICULTURAL UNIVERSITY
ANAND-388001(GUJARAT)
AICRP PROJECT ON
GROUNDNUT TRAINING
B. II. 2008-21

